# વાંકાનેર ગામમાં શ્રી વહાણવટી માતાજી, શ્રી જગદંબા માં અને શ્રી મહાકાલી માતાજીના મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

ભિલોડા, તા.૬

ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં (દેવદર) વિસ્તારમાં નવિન બનાવેલ મંદિરમાં બિરાજમાન શ્રી વહાણવટી માતાજી, શ્રી જય અંબે માતાજી અને શ્રી મહાકાલી માતાજીના મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભકિતભાવ પૂર્વક યોજાયો. વાંકાનેર (દેવદર)ના મુખ્ય યજમાન રાજેશભાઈ વિઠ્ઠલભાઈ વાઘેલાના જણાવ્યા મુજબ શ્રી વહાણવટી માતાજી, શ્રી જય અંબે માતાજી અને શ્રી મહાકાલી માતાજીના મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા તા. ૪-૫-૨૦૧૩ને શનિવારના રોજ શુભારંભ યોજાયો હતો. તા. ૫-૫-૨૦૧૩ને રવિવારના રોજ શોભાયાત્રા યોજાઈ હતી. તા. ૬-૫-૨૦૧૩ને સોમવારના રોજ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા સવારે ૧૦.૩૦ કલાકે અને પૂર્ણાહુતિ બપોરે ૧૨.૧૫ વાગ્યાના સુમારે, મહાઆરતી બપોરે ૧૨.૩૦ વાગ્યાના સુમારે અને મહાપ્રસાદી બપોરે ૧.૦૦ વાગ્યાના સુમારે ભાવિક ભક્તોને આપવામાં આવી હતી.

ભાવિક ભક્તોએ મહાપ્રસાદીનો મોટી સંખ્યામાં લાભ લીધો હતો. વાંકાનેર ગામમાં શ્રી વહાણવટી માતાજી, શ્રી જય અંબે માતાજી અને શ્રી મહાકાલી માતાજીના મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ભાવિક ભકતો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવ્યા હતા. શ્રી વહાણવટી માતાજી, શ્રી જગદંબા માં અને શ્રી મહાકાલી માતાજી મંદિર જીર્ણોદ્ધાર સમિતી વાંકાનેર, વાંકાનેર ગ્રામ પંચાયત સરપંચ વિનોદભાઈ બરંડા, હિતેશભાઈ પંડયા, અશોકભાઈ સોની, ચંદુલાલ ઉપાધ્યાય (ગોર મહારાજ), મનહરભાઈ પટેલ, ગંગારામભાઈ વાઘેલા, શૈલેષભાઈ વાઘેલા, ગીરીશભાઈ કોટવાળ, રમેશભાઈ વાઘેલા, વિનોદભાઈ વાઘેલા તેમજ સમસ્ત વાઘેલા પરિવાર સહિત સેવાભાવી કાર્યકરો, વાંકાનેર ગ્રામજનોએ આ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# સાબરકાંઠા જિલ્લામાં ભિલોડા તાલુકાને યથાવત રાખવા પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી

ભિલોડા, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાને સાબરકાંઠા જિલ્લામાં યથાવત રાખવા પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે. ભિલોડા તાલુકા વિકાસ મંચના અગ્રણી હોદ્દેદારો, કાર્યકરો, વેપારીઓ, વકીલો, ડૉક્ટરો, સરપંચો, રાજકીય અગ્રણી હોદ્દેદારો, બિલ્ડીરો તેમજ જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ ભિલોડા ન્યુ ગેસ્ટ હાઉસ ખાતે આજે તા. ૬-૫-૨૦૧૩ને સોમવારના રોજ સર્વપક્ષીય બેઠક બોલાવેલ હતી. જેમાં સર્વાનુમતે નક્કી કરાયેલ છે કે સાબરકાંઠા જિલ્લામાં ભિલોડા તાલુકાને યથાવત રાખવા પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી દ્વારા નવિન અરવલ્લી જિલ્લાની જાહેરાત વિધાનસભાની ચૂંટણી દરમ્યાન કરેલ હતી. સાબરકાંઠા જિલ્લાનું વિભાજન કરી નવિન અરવલ્લી જિલ્લો બનશે. જેમાં ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા, પોશીના, વડાલી, ઈડર તાલુકાનો સમાવેશ અરવલ્લી જિલ્લા કરાશે. નવિન અરવલ્લી જિલ્લાની જાહેરાત કરાતાની સાથે જ કહી ખુશી કહી ગમની વાતો એ બરાબર જોર પકડી લીધુ છે. નવિન અરવલ્લી જિલ્લાનું વડુ મથક બાબતે ભારે ખેંચમતાણ હોવાનું આધારભુત સુત્રો જાણવા મળેલ છે. ભીલોડા તાલુકા વિકાસ મંચના કાર્યકરોના જણાવ્યા મુજબ સાબરકાંઠા જિલ્લામાં ભીલોડા તાલુકાને યથાવત રાખવા ઉગ્ર ધારદાર રજુઆતોનો દોર આરંભાયો છે.

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીને તાલુકા મથકનો દરજ્જો આપવા ઉગ્ર ધારદાર રજુઆત કરવામાં આવશે તેમ લોકમુખે જાણવા મળેલ છે. ભિલોડા તાલુકાનો વિસ્તાર ખુબ જ મોટો છે ત્યારે શામળાજીને તાલુકા મથકનો ગરજ્જો અવશ્ય આપવા પ્રજાજનોની માંગણી છે.

ભૌગોલિક પરિસ્થિતિના આધારે સાબરકાંઠા જિલ્લામાં ભિલોડા તાલુકાને યથાવત રાખવામાં નહીં આવે તો ભિલોડા તાલુકા વિકાસ મંચના કાર્યકરો દ્વારા ગાંધીચિંધ્યા માર્ગે ઉગ્ર લડત આપવાનું રણશીંગું ટુંક સમયમાં ફુકાશે તેવા એંધાણ વર્તાઈ રહ્યાં છે.

એક તરફ મોડાસા, મેઘરજ, માલપુર, બાયડ, ધનસુરા તાલુકા સહિત આ વિસ્તારના પ્રજાજનો માઝુમ જિલ્લાની માંગ કરી રહ્યા છે ત્યારે શુ સાબરકાંઠા જિલ્લાના ત્રણ ભાગ બની શકે ખરા તેમ જાગૃત બુદ્ધિજિવી પ્રજાજનોમાં ચર્ચાતો પ્રાણ પ્રશ્ન છે.

# પાલનપુર જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે ગુજરાત પ્રદેશ મહિલા અધ્યક્ષની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

પાલનપુર, તા.૬

બનાસકાંઠાના પાલનપુર ખાતે આવેલ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રદેશ મહિલા પ્રમુખ સોનલબેન પટેલની અધ્યક્ષતામાં આગેવાનોની બેઠક યોજાઈ હતી. મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

પ્રદેશ મહિલા પ્રમુખ સોનલબેન પટેલની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં લોકસભાની પેટા ચૂંટણીના સંદર્ભે યોજાઈ હતી. બ.કાં.ની લોકસભાની સીટ કોંગ્રેસ પાસે જ હતી અને પેટા ચૂંટણીમાં પણ કોંગ્રેસની પાસે જ રહે તે માટે સંગઠીત બનીને કાર્ય કરવાની હાકલ કરી હતી.



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

પટેલે જણાવ્યું હતું કે જિલ્લાનું મહિલા સંગઠન વધુ મજબુત બનીને કોંગ્રેસના ઉમેદવારને વિજયી બનાવવા માટેના સૂચનો કર્યા હતા. આ બેઠકમાં પ્રદેશ મહિલા પ્રમુખ સોનલબેન પટેલ, પ્રદેશની મહિલા અગ્રણીઓ ઝંખનાબેન, મંજુલાબેન, બનાસકાંઠા જિલ્લા મહિલા પ્રમુખ નયનાબેન પઢિયાર, મંજુલાબેન પઢિયાર, બનાસકાંઠા જિલ્લા પ્રમુખ ઝાકીરભાઈ ચૌહાણ, કોંગ્રેસ પ્રદેશ સેવા દળના તૃપ્તીબેન દવે, તાલુકા પ્રમુખ કરણસિંહ કોંગ્રેસ અગ્રણી અવમલજી સોલંકી ડામરાજી રાજગોર સહિત મોટી સંખ્યામાં તાલુકા શહેરની મહિલાઓ કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સંકલ્પ કર્યો હતો કે બનાસકાંઠાની સીટ કોંગ્રેસની હતી અને તે કોંગ્રેસ પાસે જ રહેશે તેવો વિશ્વાસ કર્યો હતો.

# પ્રાંતિજમાં ક્ષત્રિય વિકાસ પરિષદ દ્વારા સેમીનાર યોજાયો

પ્રાંતિજ, તા.૬

પ્રાંતિજ શહેરમાં આવેલ દેસાઈ પોળની પાસે ક્ષત્રિય વિકાસ પરિષદના મુખ્ય કાર્યાલયનું ઉદઘાટન ગત રોજ પૂનાદરા આશ્રમના મહંતશ્રી નંદલાલ બાપુ અને મેમદપુર શિવશકિત આશ્રમના મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું. જયારે પ્રાંતિજની વી.એ. રાવલ પી.ટી.સી. કોલેજ ખાતે શૈક્ષણિક માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના યુવાનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, પ્રાંતિજ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, સમાજના મંત્રી છત્રસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. જયારે શૈક્ષણિક માર્ગદર્શન સમાજના યુવાનોને રણજીતસિંહ રાઠોડ, ડૉ. રાજેન્દ્રસિંહ તેમજ ડૉ. કલ્યાણસિંહ ચંપાવતે પુરું પાડયું હતું.



**ડીસા પંથકમાં લગ્નસરાની મૌસમ ખીલી ઊઠી :** ડીસા શહેર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં લગ્નસરાની મૌસમ પૂરબહારમાં ખીલી ઉઠી છે. જયાં જુઓ ત્યાં શરણાઈના સુર સંભળાય છે. તેમજ ડી.જે. અને બેન્ડવાજાના સંગીતના તાલે શહેરની ગલીઓમાં ઠેર ઠેર વરઘોડા નીકળી રહ્યા છે. આગ ઓકતી ગરમીમાં પણ જાનૈયાઓ સંગીતમાં મસ્ત બનીને નાચી રહ્યા છે. ડીસા પંથકમાં લગ્નસરાની સીઝનને લઈ શહેરમાં વિવિધ ચીજવસ્તુઓ ખરીદવા માટે લોકો બજારમાં આવતા ભારે ભીડ જોવા મળી રહી છે. બજારમાં જવેલર્સ, વાસણ, કાપડ, રેડીમેડ ગારમેન્ટ, કરીયાણા, ફટાકડા, કટલરી, ફુલની દુકાનમાં પણ લોકો ખુબ મોટી માત્રામાં ખરીદી કરવા આવે છે. લગ્નના સમયને કારણે શાકભાજીનું પણ વેચાણ વધવા પામ્યું છે. આવતી ચૈત્ર વદ ૧ ઉના રોજ સમગ્ર પંથકમાં લગ્નનો માહોલ વધુ ખીલી ઉઠશે. ડી.જે. બેન્ડવાજા, ગોર મહારાજ, વિડિયો શુટીંગ, ઢોલવાળા, મંડપવાળાના ભાવમાં પણ એકાએક વધારો થઈ ગયો છે.

# ડીસા પંથકમાં આગ ઓકતી ગરમી

ડીસા, તા.૬

ડીસા પંથકમાં કાળઝાળ ગરમી અને બપોરના સુમારે ગરમ લ્હાય લૂથી લોકોની હાલત કફોડી બની રહી છે. વહેલી સવારથી માંડી મોડી રાત સુધી ગરમી સાથે બફારો લોકોને અકળાવી રહ્ય છે. જેના કારણે જનજીવન અસ્ત વ્યસ્ત બની જવા પામેલ છે.

રાજયના સરહદી બનાસકાંઠા જિલ્લામાં ભીષણ ગરમીને કારણે હીટવેવની સ્થિતિ સર્જાઈ છે. બપોરના સુમારે વરસતા આકાશી અગનગોળા વચ્ચે લોકોની હાલત કફોડી બની રહી છે. ભારે ગરમીથી બચવા માટે લોકોને ઓફિસો અને ઘરોમાં એસી, પંખા, કુલર જેવા આધુનિક સાધનોના સહારે પુરાઈ રહેવું પડે છે. ગરમીને કારણે જાહેર માર્ગો પણ સુમસામ બની જાય છે. સતત ટ્રાફીકથી ધમધમતા શહેરના કેટલાક વિસ્તારો બપોરના સુમારે કરફયુ લદાયો હોય તેવી સ્થિતિમાં જોવા મળે છે. લગ્નની સીઝન ખુલી હોવા છતાં બપોરના સુમારે લોકો બજારમાં ખરીદી કરવાનું ટાળી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં કાળઝાળ ગરમી વચ્ચે તળાવોમાં પાણી ખુટી જતાં ખાસ કરીને અબોલ જીવોને ભારે હાડમારી વેઠવી પડે છે. જિલ્લાના સરહદી વાવ તાલુકાના છેવાડાના ગામોમાં તો દુર દુર સુધી પીવાનું પાણી નહીં મળતા કેટલાક જંગલી પ્રાણીઓ તેમજ પક્ષીઓ મોતને ભેટી રહ્યા હોવાનું સરહદી વિસ્તારના પશુ પ્રેમીઓએ જણાવ્યું હતું. ગરમી વચ્ચે પશુ-પક્ષી સહિત અન્ય જીવો ભારે હાલાકી વેઠી રહ્યા છે.

## બફારા સાથે ગરમ લૂથી લોકો ત્રાહીમામ બન્યા

## વિશ્વ રેડક્રોસ દિનની પૂર્વ સંધ્યાએ દૂરદર્શન - આકાશવાણી કેન્દ્રો પરથી રાજયપાલશ્રીનો પ્રજાજોગ સંદેશ

ગાંધીનગર, તા. ૬

વિશ્વ રેડક્રોસ દિનની પૂર્વ સંધ્યાએ ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીનો પ્રજાજોગ સંદેશ દૂરદર્શન કેન્દ્ર પરથી તા. ૭મી મે, ૨૦૧૩ના રોજ સાંજે ૬.૫૫ વાગે તથા આકાશવાણી કેન્દ્રો પરથી રાત્રિનાં ૮.૨૦ વાગે પ્રસારિત થશે.

## હાઈવે ટ્રાફિક પોલીસની ગાડી-એસટી બસ વચ્ચે અકસ્માત

દાંતીવાડા, તા. ૬

દાંતીવાડા પાસે આવેલ બનાસ નદીના પુલના છેડા ઉપર હાઈ-વે ટ્રાફિક પોલીસની ગાડી અને એસ.ટી. બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ગાડીમાં સવાર પોલીસ કર્મીઓને ઈજાઓ થવા પામી હતી. બનાવ અંગે પાંથાવાડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ પાલનપુર-દાંતીવાડા એસ.ટી. બસ નંબર જીજે-૧૮-વાય-૮૯૬ દાંતીવાડા તરફ જઈ રહી હતી ત્યારે પાંથાવાડા તરફથી આવી રહેલી હાઈવે ટ્રાફિકની ગાડી નંબર જીજે-૮જી-૧૪૩૭ વચ્ચે બનાસનદીના પુલ ઉપર અકસ્માત સર્જાયો હતો. જેમાં ગાડીમાં સવાર હેડ કોન્સ્ટેબલ રાજુભાઈ અને અશોકભાઈને નાની મોટી ઈજાઓ પહોચી હતી. ઘાયલોને પોલીસકર્મીઓને સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. બનાવ અંગે પાંથાવાડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# પછાત સમાજના કલ્યાણ અને વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે

મહેસાણા, તા. ૬

મહેસાણા શહેરના કમળાબા હોલ ખાતે મહેસાણા અને પાટણ જિલ્લાના ૨૨૭ લાભાર્થીઓને ૧ કરોડ ૩૨ હજારની વિવિધ યોજનાઓના સાધન સહાયનું વિતરણ નાણા મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ, સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાના હસ્તે કરાયું હતું. આ સાધન સહાયમાં ૩૧ વિવિધ વાહનો, લેપટોપ સહિત વિવિધ યોજનાઓના ચેકનું વિતરણ સ્ટેજ પરથી કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં નાણા અને આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાજ્ય સરકારે પછાત વર્ગના વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકી છે. ગરીબ કલ્યાણ મેળો દ્વારા લાભાર્થીઓને વચેટીયાથી મુક્તિ મળી છે. ભુતકાળમાં સરકારી સહાય મેળવવા માટે મોટી મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો તેમજ રાજ્ય સરકારની નોકરી લાગવગ અને ભ્રષ્ટાચારના પાયા પર મળતી હતી. પરંતુ આજે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં લાભાર્થીઓના દ્વારે સરકાર પહોંચી છે. રાજ્ય સરકારની ભરતીઓમાં પારદર્શીતા જળવાય છે તેમ જણાવ્યું હતું.

નાણાંમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે પછાત વર્ગના વિકાસ માટે રૂપિયા ૬૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. પછાત વર્ગના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તે માટે ઉત્તમ પ્રકારની હોસ્ટેલોનું નિર્માણ કરાયું છે.

આ પ્રસંગે સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતુ કે આ વિભાગ દ્વારા અત્યાર સુધી ૬ કરોડ ૩૨ લાખ રૂપિયાના સાધન સહાયનું વિતરણ લાભાર્થીઓને કરવામાં આવ્યું છે. રાજ્યના તમામ જિલ્લાઓ કરતા મહેસાણા જિલ્લાના લાભાર્થીઓને સૌથી વધુ સહાય મળી છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગરીબ કલ્યાણ મેળામાં ૧૮૦૦ કરોડ રૂપિયા દલીત સમાજને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે આપ્યા છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ૨૦૦૬મા પ્રવાસન વર્ષ ઉજવાયુ ત્યારે સમાજના ગુરૂ ગાદીઓના વિકાસ પાછળ રાજ્ય સરકારે રૂપિયા ૩૨ કરોડનો ખર્ચ કર્યો છે. પાટણમાં વીર મેઘમાયા રથ માટે રાજ્ય સરકારે ૧ કરોડ ૩૧ લાખ રૂપિયા મંજુર કર્યા છે. તેમજ વીરમેઘમાયા એવોર્ડ રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે રૂપિયા ૧ લાખ આપીને આપવામાં આવે છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં સૌ પ્રથમવાર સુરેન્દ્રનગર જિલ્લામાં હાથીની અંબાડી પર ૬ ફૂટનો ડૉ. બાબાસાહેબ આંબેડકરનો ફોટો, ભારતનું બંધારણ મુકી ૧ લાખ લોકોએ મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં પદયાત્રા કરી હતી.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ડૉ. બાબા સાહેબ એવોર્ડ, આવાસ યોજના, વિદેશ અભ્યાસ લોન, રામજી સુબેદારના નામે યોજના, તેમના પત્ની સવિતાબેન અને રમાબેનના નામે યોજના, માતાના નામે યોજના, પુત્રના નામે યોજના સહિત પરિવારના તમામ સભ્યોના નામે યોજના દાખલ કરી ડૉ. બાબાસાહેબને રાજ્ય સરકારે જીવંત રાખ્યા છે.

આ પ્રસંગે સંસદશ્રી જયશ્રીબેન પટેલ, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેનશ્રી ઝવેરભાઈ ચાવડા, ઠાકોર વિકાસ નિગમના ચેરમેનશ્રી પુંજાજી ઠાકોર પ્રાસગિક પ્રવચન કર્યા હતા.

આ કાર્યક્રમની આભારવિધિ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના એમ.ડી. આર.એમ. જાદવે કરી હતી. આ પ્રસંગે પુર્વમંત્રીશ્રી ખોટાભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જે.એલ. પટેલ, નગરપાલિકા પ્રમુખશ્રી ચંદ્રિકાબેન પટેલ, ઈન્ચાર્જ કલેક્ટરશ્રી એચ.એન. ઠક્કર સહિત કોર્પોરેશનના મેનેજરશ્રી વી.એ. પટેલ અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ મહેસાણા અને પાટણ જિલ્લાના લાભાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ધનસુરા શહેરમાં મહાપ્રભુજીનો પ્રાગટ્ય મહોત્સવ રંગેચંગે ઉજવાયો

ધનસુરા, તા. ૬

ધનસુરા ગોકુલનાથજી મંદિર ખાતે મહાપ્રભુજીનો ૧૩૬મો પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમપૂર્વક વૈષ્ણવભાઈઓ બહેનો દ્વારા ભવ્ય શોભાયાત્રા તેમજ મંદિર અને મંદિર પરિષદ શણગારવામાં આવેલ તેમજ ભજન કિર્તન, રાસગરબા તેમજ સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગોકુલનાથજી મંદિરમાં મહાપ્રભુજીનો ૧૩૬મો પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. સવારે ૧૧ વાગ્યે દર્શન માટે વૈષ્ણવભાઈઓ, બહેનો ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે મંદિરને ધજા પતાકાઓથી શણગારવામાં આવ્યું હતું. સાંજે ૬ વાગ્યે શણગારેલા રથમાં મહાપ્રભુજીના સ્વરૂપનું વિધિવત સ્થાપન કરી બેન્ડવાજા સાથે સંગીતના સૂરમાં શોભાયાત્રા નિકળી હતી. આ શોભાયાત્રામાં સમસ્ત મહાજનના ભાઈઓ બહેનો દ્વારા કેસરી વસ્ત્રોમાં જોડાયા હતા. આ શોભાયાત્રા સમગ્ર ધનસુરા નગરમાં ફરી મંદિરે પરત આવી હતી. માર્ગમાં વૈષ્ણવ ભાઈઓ બહેનોએ ભજન કિર્તન, રાસગરબા રઝમટ બોલાવી હતી. સાંજે સમસ્ત મહાજનો દ્વારા સમૂહ પ્રસાદ લીધો હતો. સમગ્ર શોભાયાત્રાનું સુંદર આયોજન વૈષ્ણવ ભાઈઓ બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઉમરેઠ પાલિકામાં ભાજપમાં બળવો

ઉમરેઠ, તા.૬

ઉમરેઠ નગરપાલિકામાં આજે સત્તાધારી પક્ષ ભાજપમાં બળવો થવા પામ્યો છે. સંજયભાઈ પટેલ પ્રમુખ પદે અને અલ્તાફ મલેક ઉપપ્રમુખ પદે ચુંટાયા છે. એક અપક્ષ સહિત કોંગ્રેસના ટેકાને કારણે સંજયભાઈ પટેલને ૧૪ મત જયારે ભાજપના ઉમેદવાર અરવિંદભાઈ પટેલને માત્ર ૮ મત મળ્યા હતા. જયારે ચાર સભ્યો ગેરહાજર રહ્યા હતા. એક સભ્યએ અગાઉ રાજીનામું આપી દીધું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ ઉમરેઠ નગરપાલિકાની પ્રમુખપદ માટેની ચુંટણી આજે બાર વાગ્યાના અરસામાં યોજાઈ હતી. પ્રમુખપદ માટે ભાજપમાંથી અરવિંદ પટેલ અને સંજય પટેલે ફોર્મ ભર્યું હતું. બોર્ડમાં હાજર ૨૨ સભ્યોમાંથી ૧૪ મત સંજયભાઈ પટેલને મળ્યા હતા જયારે ૮ મત અરવિંદભાઈને મળ્યા હતા. બાદમાં ઉપપ્રમુખની ચૂંટણીમાં અલ્તાફ મલેકને ૧૪ મત જયારે ઝરીનાબાનુને ૮ મત મળ્યા હતા. ચુંટણી અધિકારીએ પ્રમુખપદ માટે સંજય પટેલ અને ઉપપ્રમુખપદ માટે અલ્તાફ મલેકને વિજેતા જાહેર કર્યા હતા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮